# પાલનપુરમાં વરસાદે કરોડોના ખર્ચે તૈયાર નવીન માર્ગોનું મેકઅપ ઉતાર્યો

## ભાજપ શાસિત પાલિકામાં ૨૦ કરોડ રોડમાં ૫૦ ટકા કામ થયું છે : કોંગ્રેસ

જિલ્લાનું મુખ્યાલયનું ગણાતું પાલનપુર શહેરમાં ભાજપ શાસિત



પાલિકામાં વિકાસ નામે કરોડોના ખર્ચે તૈયાર કરવામાં નવીન માર્ગો ભ્રસ્ટાચારની ચાડી ખાઈ રહ્યાં છે. પાલિકાના સત્તાધીશો અને કોન્ટ્રાકટરની મિલીજુલીના લીધે રોડના કામો ના પ્રજા ના પૈસા પાણી જેમ વેડફાઈ ગયા છે એક સમય નવાબી ઠાઠ ધરાવતું પાલનપુર શહેર દેશ વિદેશ માં આગવી ઓળખ ધરાવતું હતુ પરંતુ જેયારથી રાજકીય શાસક પક્ષો નો પાલનપુર શહેર માં સત્તા પર આવ્યું ત્યારથી પાલનપુર શહેર ની બદતર હાલત થઈ ગઈ છે હાલની ભાજપ શાસિત પાલિકા એ કરોડો ખર્ચે જે રોડ બનાવી ને ખિસ્સા ગરમ કર્યા છે સૌનું સાથ સૌનું વિકાસ ભાજપ ના સૂત્ર ને પાલિકા માં બેઠેલા શાસનકર્તાઓ ઘોળી ને પી ગયા છે પાલનપુર શહેર ના અનેક વિસ્તાર માં અનેક વાર નવીન રોડ પાલિકા દ્વારા બનવામાં આવ્યા છે છતાં પાલનપુર વાસીઓને રોડ પર વાહન લઈને જતી વખતે કાળજી પૂર્વક વાહન હંકારવું પડે છે રોડ પર પડેલા ખાડા અને ઉપસી આવેલી કાંકરી ના દ્રશ્યો જ બતાવે કોના ખિસ્સા કેટલી ટકાવારી ગઈ હશે ચૂંટાયા પછી બેફામ બનેલા નવા નિશાળિયા નગરસેવકો ને હવે પોતાનું પાલનપુર શહેર ને પણ ભૂલી ગયા છે બીજી તરફ સરકારી બાબુઓ પણ ભાજપ ના હોદ્દેદાર ના ભય થી



મહાભારત ની જેમ આંખ પર પટ્ટી બાંધી ગંધારી ની ભોમીક ભજવી રહ્યાં છે પાલનપુર નગરપાલિકા ના વિરોધ પક્ષ ના નેતા અમૃત જોશી એ જણાવ્યું હતું કે ભાજપ શાસન માં આવ્યા બાદ સરકારે ૨૦કરોડ સીસી રોડ માટે મંજુર કર્યા છે પરંતુ ભાજપ સત્તાધીશોએ રોડ માં ૫૦ ટકા ની ખાયકી કરી પ્રજા ના પૈસા ખિસ્સા ભરવાનું કામ કર્યું છે તેમજ કોઈપણ અધિકારી રોડ ની ચકાસણી કરવામાં માટે તૈયાર નથી

# ધાનેરામાં પૂર પીડિત માર્કેટ યાર્ડના વેપારીઓ દ્વારા વિવિધ માંગણીઓ સાથે આવેદનપત્ર

ધાનેરામાં પૂર પીડિત માર્કેટ યાર્ડ ના વેપારીઓ ધ્વરા મિટિંગ યોજી વિવિધ માંગણીઓ સાથે ધાનેરા ના ધાનેરા માર્કેટ યાર્ડ માં પૂર નું પાણી ફરીવળતા વેપારીઓ પાયમાલ બની ગયા છે ત્યારે આજે ધાનેરા સંતોષાય તો આવનાર સમય અમે ઉગ્ર આંદોલન કરશું ધાનેરા ના ધારાસભ્ય પણ વેપારીઓ ના



નાયબ કલેજતાર ને આવેદન પત્ર આપ્યું હતું અને જો માંગણી નહિ સંતોસય તો ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારી હતી ધાનેરા ના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલ પણ વેપારીઓ સાથે જોડાયા હતા. માર્કેટ યાર્ડ ના વેપારીઓ ધ્વરા મિટિંગ યોજી હતી અને વિશાલ રેલી યોજી વિવિધ માંગણી સાથે ધાનેરા ના પ્રાંત અધિકારી ને આવેદન પત્ર આપ્યું હતું અને ચીમકી ઉચ્ચારી હતી કે જો અમારી માંગણીઓ નહિ સમર્થન માં જોડાયા હતા અને વેપારી સાથે વિશાર રેલી યોજી હતી અને વેપારીઓ ના સાથે રહી વેપારીઓ ને ન્યાય અપાવવાની અને વેપારીઓ સાથે ની લડત માં સાથે રહેવાની પણ ખાતરી આપી હતી.

# ધાનેરામાં ધોળા દિવસે ગઠિયો ગાડીમાંથી ૩.૯૦ લાખ લઈ ફરાર

### રૂપિયા ૩લાખ ૯૦ હજાર લઇ ફરાર થઇ જતા લોકોમાં અનેક તર્ક વિતર્ક : સત્ય શું છે તે તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે

ધાનેરામાં ધોળા દિવસે ગઠિયો ગાડી માંથી ૩.૯૦ લાખ રૂપિયા લઈ ફરાર થઈ જતા ચકચાર મચી જવા પામી છે ત્યારે આ બાબતે ધાનેરા પોલીસે તાપસ હાથ ધરી છે.

ધાનેરા તાલુકા ના વાલેર ગામે રહેતા રોમાભાઈ જલાભાઇ રબારી જે ધાનેરા ની બેન્ક માંથી પાકધિરાણ ઉપાડી રૂપિયા ૩ લાખ ૯૦ હજાર લઈ પોતાની ગાડી માં મૂકી ધાનેરા ડીસા રોડ પર એકતા મેડિકલ પાસે બેઠા હતા તે સમયે કોઈ અજાણ્યો ઈસમ આવી ગાડી માં પડેલી પૈસા ની થેલી લઈ છુમંતર થઈ જતા લોકો માં ભારે ચકચાર મચી જવા પામી હતી ત્યારે આ બાબતે ધાનેરા પોલીસ ને જાણ કરતા ધાનેરા પોલીસે તાપસ હાથ ધરી છે અને આ બાબતે ભોગ બનનાર ને પૂછતાં તેને જણાવ્યું હતું કે મારા ખેતર માં બોર બની રહ્યો છે તે માટે મેં પાક ધિરાણ ઉપાડી ને બોર ના પૈસા ભરવા માટે આ પૈસા લાવ્યો હતો અને કોઈ અજાણ્યો ઈસમ આ પૈસા લઈ ફરાર થઈ ગયો છે ધાનેરા માં ધોળા દિવસે કોઈ અજાણ્યો ઈસમ રૂપિયા ૩લાખ ૯૦ હજાર લઈ ફરાર થઈ જતા લોકો માં અનેક તર્ક વિતર્ક જોવા મળી રહ્યા છે પરંતુ સત્ય શું છે તેતો પોલીસ તાપસ બાદ જ બહાર આવશે.

# હિંમતનગર-પોશીનામાં દોઢ, ઈડરમાં એક ઈંચ વરસાદ

સાબરકાંઠા જીલ્લામાં મંગળવારે દિવસ દરમિયાન હિમતનગર દોઢ ઈંચ,ઈડર ૧ ઈંચ,પોશીના દોઢ ઈંચ વરસાદ નોધાયો જયારે ખેડબ્રહ્મા, પ્રાંતિજ, તલોદ, વડાલી અને વિજયનગરમાં અડધો ઈંચ થી વધુ વરસાદ નોધાયો હિમતનગરમાં આજે બપોરના સુમારે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો અને અંધારપટ છવાઈ ગયો હતો અને ત્યારબાદ ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ શરુ થઈ ગયો હતો અંને અડધો કલાકમાં દોઢ ઈંચ જેટલો વરસાદ ખાબક્યો હતો જયારે ઈડર,વડાલી,તલોદ અને વિજયનગરમાં અડધો ઈંચ વરસાદ નોધાયો હતો.જેને લઈને શહેરના માર્ગો પર પાણી ભરાયા હતા તો વાહન ચાલકને લાઈટો ચાલુ કરવી પડી હતી તો શહેરના મહાવીરનગર,સિવિલ સામે ભાટવાસ,નગર પાલિકા રોડ અને ઈડર સ્ટેટ હાઈવે પર પાણી ભરાયા હતા તો શહેરના નીચાણવાળા ભાગોમાં અને નીચાણવાળી બેરણા રોડ પર આવેલી યશસ્વી સોસાયટીમાં પણ પાણી ભરાઈ જતા શહેરજનો પરેશાન થઈ ગયા હતા.તો હુસેની ચોક પાસે મુસ્તફા મસ્જીદ પાસેના કોમ્પ્લેક્ષમાં પાણી ભરાયા હતા.જેથી કેટલાક વાહન ચાલકોના વાહનો બંધ થઈ ગયા હતા.બીજી તરફ શહેર માંથી પસાર થતા હિમતનગર-ઈડર સ્ટેટ હાઈવે પર અડધો કલાક ટ્રાફિક જામ થઈ ગયો હતો જેમાં રોડ પર ભરાયેલ વરસાદી પાણીને લઈને વાહન ચાલકો અને બીજી તરફ અંબાજી જતા પદયાત્રીઓ રથ સાથે અવિરત પ્રવાહ ચાલુ રહેતા ટ્રાફિક જામ થઈ ગયો હતો જેને પૂર્વવત કરવા પોલીસે કાર્યવાહી કરી હતી.તો જીલ્લાના પોશીનામાં પણ ભારે પવન સાથે વરસાદ શરુ થઈ ગયો હતો અને માર્ગો પર પાણી ભરાઈ ગયા હતા.

**સાબરકાંઠા જીલ્લામાં આજે સવારે ૬થી સાંજના ૬ દરમિયાન નોધાયેલ વરસાદ**

હિમતનગર ૩૭ મીમી
ઈડર ૨૩ મીમી
ખેડબ્રહ્મા ૧૮ મીમી
પોશીના ૩૩ મીમી
પ્રાંતિજ ૦૭ મીમી
તલોદ ૧૨ મીમી
વડાલી ૧૮ મીમી
વિજયનગર ૧૩ મીમી

**સાબરકાંઠા જીલ્લામાં સાંજે ૬ વાગે સુધીમાં ડેમોની પરિસ્થિતિ**

ગુહાઈ ૧૦૦ કયુસેક પાણીની આવક
જવાનપુરા ૧૧૮૦ પાણીની કયુસેક આવક ૧૧૮૦ જાવક
હરણાવ ૪૦ કયુસેક પાણીની આવક
ખેડવા ૫૦૦ કયુસેક પાણીની આવક ૪૭૫ જાવક
હાથમતી ૭૦૦ કયુસેક પાણીની આવક
ગોરઠીયા ૨૦૦૦ કયુસેક પાણીની આવક ૨૦૦૦ જાવક



## પ્રાંતિજ સહિતના વિસ્તારોમા મેઘરાજાની પધરામણી

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ સહિતના વિસ્તારમાં ત્રીજા દિવસે પણ ઉકળાટ બાદ ગાજવીજ સાથે વરસાદ ખાબક્યો હતો. પ્રાંતિજ સહિત તાલુકામાં અસહ્ય ગરમી ઉકળાટ બફારાને લઈને સતત ત્રીજા દિવસે પણ મેઘરાજાની બપોર બાદ ગાજ ગંજના કડાકા પવન સાથે ધમાકેદાર પધરામણી થઈ હતી તો ધોધમાર વરસેલા વરસાદને લઈને થોડી વારમાં ઠેરઠેર પાણી પાણી થઈ ગયું હતું અને અડધો કલાક વરસાદ ખાબક્યો હતો તો પડી રહેલ વરસાદને લઈને ખેડૂતોમાં ખુશી જોવાં મળી હતી તો વરસાદને લઈને વાતાવરણમાં પણ ઠંડક પ્રસરી ગઈ હતી તો બીજી બાજુ ગણેશ મહોત્સવ દરમ્યાન પડી રહેલ વરસાદને લઈને વિવિધ ગણેશ મંડળો તથા આયોજકોમાં વરસાદ પડતાં નિરાશા જોવાં મળી છે.





**પ્રાંતિજ ખાતે ક્ષત્રિય સમાજ દ્વારા અણુજાની પ્રથા યથાવત –** સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે રહેતા ક્ષત્રિય સમાજ દ્વારા અણુજા પાડવામાં આવ્યા હતાં જેમા પશુઓના રક્ષણ માટે વર્ષમાં એક વખત બળિયાદેવની બાધા આજે પણ કરવામાં આવે છે જે વર્ષોથી ચાલી આવતી પરમપરા આજે પણ યંત્રયુગમાં પણ યથાવત છે. પ્રાંતિજ નાની ભાગોળ મોટાવાસ ખાતે રહેતા ક્ષત્રિય સમાજના ભાઈ-બહેનો દ્વારા બળિયા દેવના મંદિર ખાતે આજે વર્ષથી ચાલી આવતી પરમપરા મુજબ પોતાના પશુઓની તંદુરસ્તી માટે એક દિવસ માટે અણુજા પાડવામાં આવે છે જેમાં પશુ દુધનું વિતરણ કરવામાં આવતુ નથી. મહિલાઓ દ્વારા કુલેર, ઘઉંના ટોઠા, બુંદી જેવી પ્રસાદ લઈને નેશનલ હાઈવે આઠ ઉપર આવેલ બળિયાદેવના મંદિર ખાતે જઈને બાધા પૂર્ણ કરવામાં આવે છે અને ત્યાર બાદ પરત આવી બહુચર મંદિર ખાતે ટોળાનું હવન કરવામાં આવે છે અને ક્ષત્રિય સમાજ ના ભાઈ બહેનો દ્વારા પ્રસાદ લઈ છુટા પડ્યા હતા.

# ખેડબ્રહ્મામાં તસ્કરોએ મોટા દલ્લાની આશાએ સોનીના ઘરને નિશાન બનાવ્યુ

### પિતા-બે પુત્રના શયન ખંડ બહારથી બંધ કરી ચોરીને અંજામ આપવા જતા ઘર માલિક જાગી જતા તસ્કરો ફરાર

ખેડબ્રહ્મા, તા. ૨૯

ખેડબ્રહ્મા સ્ટેશન વિસ્તારમાં રહેતા એક જવેલર્સના ઘરને તસ્કરોએ નિશાન બનાવ્યુ હતુ અને રસોડાની જાળી તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો. પિતા, બે પુત્રના સોનીના ઘરને તસ્કરોએ રવિવારે રાત્રે નિશાન બનાવ્યુ હતુ. અને રસોડાની જાળી તોડી તસ્કરોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો. સલામતીના ભાગરૂપે તસ્કરોએ પિતા અને બે પુત્રના શયનખંડના દરવાજા બહારથી બંધ પિતા અને ભાઈનો મોબાઈલથી સંપર્ક કરતાં તેઓના શયન ખંડના દરવાજા પણ બહારથી બંધ હોવાનું માલુમ પડતાં શયનખંડની બારીઓ ખોલી નાખી બુમાબુમ કરતાં તસ્કરો રૂ. ૫૦૦૦ લઈ અને સાથે લાવેલા





શયનખંડને બહારથી બંધ કરી બે તિજોરીઓ તોડી હતી. તિજોરીમાંથી રૂ. ૫૦૦૦ હાથ લાગ્યા હતા. દરમિયાન સોનીનો નાનો દિકરો જાગી જતા બુમાબુમ થતાં તસ્કરો સાથે લાવેલા થેલો મુકી નાસી છુટ્યા હતા.

ખેડબ્રહ્માના સ્ટેશન વિસ્તારમાં રહેતા મહેન્દ્રકુમાર છોટાલાલ કરી દીધા હતા. એક તિજોરી તોડતાં તેમાં માત્ર કપડાં જ હોવાથી બીજી તિજોરી તોડી હતી. જેમાંથી રૂ. ૫૦૦૦ હાથ લાગ્યા હતા. દરમિયાન સોનીનો દિકરો જાગી ગયો હતો તેણે શયનખંડનો દરવાજો ખોલવાનો પ્રયત્ન કરતાં દરવાજો બહારથી બંધ હતો. તેથી તેણે તેના થેલો સ્થળ ઉપર ભુલી નાસી છુટ્યા હતા. ઘરમાલિકોએ બુમાબુમ કરતાં પડોશી ચેતનાઈ મોદી દોડી આવ્યા હતા. અને રકસોડામાં થઈ ઘરમાં આવી ત્રણે શયનખંડના દરવાજા ખોલ્યા હતા. તસ્કરોએ મોટી આશાએ સોનીના ઘરને નિશાન બનાવ્યું હતું.

# તલોદ સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળમાં અનાર પટેલ વિજયી

### પરિણામ મોડીરાત્રે ટ્રસ્ટી મંડળની ચૂંટણીનું પરિણામ જાહેર થતાં જુના જોગીઓનો પરાજય થયો

તલોદ, તા. ૨૯

તલોદ ખાતે આવેલ આર્ટસ એન્ડ કોમર્સ અને સાયંસ કોલેજ વ્યવસ્થાપક મંડળ શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળમાં હોદ્દેદારોની રવિવારે રસાકસી માહોલ વચ્ચે બેલેટ પેપરથી ચૂંટણી પ્રક્રિયા યોજાતા બહાર ગામની પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં ૫૦૮ પૈકી ૪૬૨ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી મતદાન કર્યુ. જે મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ થોડાક જ સમયમાં ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિ વચ્ચે સેમિનાર હોલ ખાતે મતગણતરી પ્રક્રિયા હાથ ધરવામાં આવતા કોલેજ કેમ્પસની બહાર પરિણામ જાણવાની આતુરતા અને ઉત્સુકતા વચ્ચે લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. જે હાથ ધરાયેલી મતગણતરી પ્રક્રિયા રાઉન્ડ પ્રમાણે ચાલતા રાત્રીના ૧૦ કલાક સુધી ચાલી હતી. ત્યાં સુધીમાં તમામ ચૂંટણીના પરિણામો જાહેર થઈ જતા જાહેર થયેલા ચૂંટણી પરિણામોમાં જુના જોગીયો હારી ગયા હતા અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની પુત્રી અનાર પટેલ ચેરમેન પદે ચૂંટાઈ આવ્યા હતા.

શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળના હોદ્દેદારોની યોજાયેલી ચૂંટણીમાં કુલ ૨૭ જેટલા ઉમેદવારોએ ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું હતું. ઉમેદવાર વચ્ચે કાંટે કી ટક્કર જામી હતી. પરંતુ વિકાસ પેનલના ઉમેદવાર સામે જુના તમામ જોગીયો હારી ગયા હતા. મોડી રાત્રીએ કહી ખુશી કહી ગમનો માહોલ છવાઈ ગયો હતો. એકંદરે શાંતિપૂર્ણ માહોલમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં વહેલી સવારથી જ ખડેપગે ઉભી રહેલી પોલીસે રાહતનો શ્વાસ લીધો હતો.

જે યોજાનાર મંડળના હોદ્દેદારોની ચૂંટણીમાં પ્રમુખ-૧, ચેરમેન-૧, ઉપપ્રમુખ-૩, મંત્રી-૨, કોષાધ્યક્ષ-૧, ઔષધ-૧, ટ્રસ્ટી પેટ્રનમાંથી-૨, ટ્રસ્ટી વ્યવસ્થાપક મંડળમાંથી-૨ મુજબ હોદ્દેદારો માટેની ચૂંટણી પ્રક્રિયા યોજાનાર હતી. જેમાં પેટ્રનના ૮૦, વાઈસ પેટ્રનના ૩૯૦, દાતા ઉપદાતા કક્ષામાંથી ૩૦ મળી કુલ ૫૦૮ મતદારો બેલેટ પેપર પરથી મતદાન કર્યું હતું.

જે યોજાનાર વ્યવસ્થાપક મંડળની ચૂંટણીના પગલે સ્થાનિક પોલીસ સિવાય બહારની પોલીસનો કડક ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવશે. જેમાં બો પીએસઆઈની નજર હેઠળ શાંતિપૂર્ણ માહોલ વચ્ચે મતદાનની પ્રક્રિયા મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી ખડેપગે રહી મતદારો શાંતિપૂર્ણ માહોલ વચ્ચે મતદાન પ્રક્રિયા મતગણતરી પૂર્ણ થાય ત્યાં સુધી ખડે પગે રહી મતદારો શાંતિપૂર્ણ રીતે મતદાન કરી શકે તે માટેની વ્યવસ્થા ઉભી કરવામાં આવી હતી. મતદાન પૂર્ણ થયા બાદ મતગણતરી હાથ ધરવામાં આવનાર હોઈ મોડી સાંજ સુધીમાં તમામ પરિણામો જાહેર થઈ ગયા હતા.

**ચૂંટણી અધિકારીએ કર્મચારીને તતડાવી નાખ્યો**

તલોદ શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળની રવિવારે યોજાયેલી ચૂંટણી તલોદ શ્રી સી.ડી. પટેલ મહાવિદ્યા મંડળની રવિવારે યોજાયેલી ચૂંટણી બાદ મતગણતરી સેમીનાર ખાતે હાથ ધરવામાં આવી હતી. તે દરમ્યાન ટ્રસ્ટી વ્યવસ્થાપક મંડળની ગણતરી રાઉન્ડ પ્રમાણે ચાલી રહી. તે દરમ્યાન મતપેટીમાંથી નિકળેલ રદ મતની સ્લીપ ઉમેદવારને હાથમાં જોવા માટે ફરજ પર હાજર કર્મચારીએ આપતા તેને ચૂંટણી અધિકારીએ તતડાવી નાખી ભુલ નહી કરવા રદ મત દુરથી ઉમેદવાર એજન્ટને બતાવવા ટકોર કરી હતી.

**સી.ડી. પટેલ મહાવિદ્યામંડળની ચૂંટણીમાં વિજેતા ઉમેદવારો**

| | | |
|---|---|---|
| તુષારકુમાર કનુભાઈ પટેલ | ૨૭૮ | પ્રમુખ |
| પટેલ અનારબેન જયેશભાઈ | ૨૭૫ | ચેરમેન |
| પટેલ કનુભાઈ ચુનીભાઈ | ૨૮૭ | ઉ. પ્રમુખ |
| પટેલ મહેન્દ્રકુમાર પરષોત્તમદાસ | ૨૪૨ | ઉ. પ્રમુખ |
| શાહ જયેશભાઈ રજનીભાઈ | ૨૩૫ | ઉ. પ્રમુખ |
| પટેલ પ્રવિણભાઈ રાવજીભાઈ | ૨૩૨ | મંત્રી |
| પટેલ ચેલાભાઈ પુંજાભાઈ | ૨૧૪ | મંત્રી |
| મિસ્ત્રી અશોકકુમાર શામળદાસ | ૨૬૭ | કોષાધ્યક્ષ |
| શાહ રતિલાલ કેશવલાલ | ૨૪૩ | ઔષધ |
| પટેલ રોનકભાઈ અજીતભાઈ | ૨૬૮ | ટ્રસ્ટી પેટ્રન |
| શાહ બિપીનકુમાર કાંતિલાલ | ૨૬૦ | ટ્રસ્ટી પેટ્રન |
| શાહ પંકજકુમાર રસિકલાલ | ૨૬૫ | ટ્રસ્ટી |
| શાહ સતિષકુમાર વિનોદચંદ્ર | ૨૨૬ | ટ્રસ્ટી |